# સરદાર પટેલ યુનિવર્સિટી
## વલ્લભ વિદ્યાનગર

નંબરઃ કે.૪/૩૮૨૪

તા.૨૪/૧૦/૨૦૧૯

પ્રતિ,

સિન્ડિકેટના સર્વે સભ્યશ્રીઓ જોગ

સવિનય જણાવવાનું કે તારીખઃ૨૧/૧૦/૨૦૧૯, સોમવાર ના રોજ મળેલ સિન્ડિકેટ સભાની કાર્યનોંધ મોકલેલ છે. કાર્યનોંધમાં જે સભ્યશ્રીઓએ જે કંઇ ફેરફાર સૂચવવાનો હોય તો તે આ કાર્યાલયને મોડામાં મોડા તા. ૦૮/૧૧/૨૦૧૯ સુધીમાં મળે તે રીતે મોકલવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ

કા.કુલસચિવ

બિડાણ : ઉપર મુજબ

# સરદાર પટેલ યુનિવર્સિટી
## વલ્લભ વિદ્યાનગર
## સિન્ડિકેટની સભા (તારીખઃ૨૧/૧૦/૨૦૧૯)
## કાર્યનોંધ

સિન્ડિકેટની સભા, તારીખઃ૩૦/૦૯/૨૦૧૯ના રોજ મોકુફ રાખવામાં આવી હતી જે તારીખઃ૨૧/૧૦/૨૦૧૯, સોમવારના રોજ સવારના ૧૦:૩૦ કલાકે યુનિવર્સિટીના સિન્ડિકેટ ખંડમાં, વલ્લભ વિદ્યાનગર મુકામે મળી હતી.

સભામાં સભ્યશ્રીઓની હાજરી નીચે પ્રમાણે હતી :-

| ક્રમ | સભ્યશ્રીઓના નામ |
|---|---|
| ૧) | ડૉ. શિરીષ આર. કુલકર્ણી (કુલપતિશ્રી) |
| ૨) | ડૉ. કે.સી.પટેલ |
| ૩) | ડૉ. નિરંજનકુમાર પી. પટેલ |
| ૪) | ડૉ. વિજયસિંહ એમ.વનાર |
| ૫) | ડૉ. ભાવેશ ડી. પટેલ |
| ૬) | શ્રી બિપીનચંદ્ર પુરષોત્તમદાસ પટેલ |
| ૭) | શ્રી કેતનકુમાર પરસોત્તમદાસ પટેલ |
| ૮) | શ્રી મહેન્દ્રભાઇ કેવલદાસ નાચી |
| ૯) | શ્રી કમલેશભાઇ રમેશભાઇ પટેલ |
| ૧૦) | ડૉ. યજ્ઞેશકુમાર મોહનલાલ દલવાડી |
| ૧૧) | ડૉ. મહંમદરફી ગુલાબભાઇ મન્સુરી |
| ૧૨) | ડૉ. પ્રેમચંદ્ મોરારભાઇ કોરાલી |
| ૧૩) | શ્રી મેહુલકુમાર દિનેશચંદ્ર પટેલ |
| ૧૪) | શ્રી મનિષ એસ. પટેલ |
| ૧૫) | શ્રી રાજેશભાઇ રમેશભાઇ પટેલ |
| ૧૬) | શ્રી સુનીલ સુર્યકાન્તભાઇ શાહ |
| ૧૭) | શ્રી સંજયકુમાર રમણભાઇ પટેલ |

નીચેના સભ્યશ્રીઓ હાજર રહી શક્યા ન હતાઃ-

૧) ડાયરેકટર, કમિશ્નર ઓફ હાયર એજ્યુકેશન, ગુજરાત રાજ્ય
૨) ડાયરેકટર ઓફ હેલ્થ, મેડીકલ સર્વિસીસ એન્ડ મેડીકલ એજ્યુકેશન
૩) જોઇન્ટ ડાયરેકટર (કમિશ્નર ઓફ ટેકનીકલ એજ્યુકેશન, ગુજરાત રાજ્ય)
૪) શ્રી વિકાસ જીતેન્દ્રકુમાર શાહ
૫) શ્રીમતી પ્રતિક્ષા ચુનીભાઇ પટેલ(જાણ કરી)
૬) શ્રી દેવાંગભાઇ રમેશભાઇ પટેલ
૭) શ્રી રાહુલ આનંદ દલાલ
૮) શ્રી મીતેશભાઇ રમેશભાઇ પટેલ

**શ્રી અલ્પેશ પુરોહિતને તા.૧૬-૦૮-૨૦૧૯ની સિન્ડિકેટ સભાના ઠરાવ અનુસાર તા.૧૫-૦૮-૨૦૨૦ સુધી સિન્ડિકેટની કોઇપણ સભામાં હાજરીમાંથી બાકાત રાખવામાં આવે છે.**

યુનિવર્સિટી ગીતના મંગળ આહવાનથી સભાની શરૂઆત કરવામાં આવી.

## (સિન્ડિકેટ વિભાગ)

૧. તારીખઃ૧૬-૦૮-૨૦૧૯, શુક્રવારના રોજ મળેલ સિન્ડિકેટની સભાની કાર્યનોંધ મંજૂર કરવા બાબત. (બિડાણઃ૧ પૃ.૧ થી ૨૬)

**આથી ઠરાવવામાં આવે છે કે તારીખઃ ૧૬-૦૮-૨૦૧૯, શુક્રવારના રોજ મળેલ સિન્ડિકેટની સભાની કાર્યનોંધ મંજૂર કરવામાં આવી.**

૨. તારીખઃ૧૬-૦૮-૨૦૧૯, શુક્રવારના રોજ મળેલ સિન્ડિકેટની સભાએ પસાર કરેલા ઠરાવો ઉપર કરેલી કાર્યવાહિના અહેવાલની નોંધ લેવા બાબત. (બિડાણઃ૨ )

**આથી ઠરાવવામાં આવે છે કે તારીખઃ ૧૬-૦૮-૨૦૧૯, શુક્રવારના રોજ મળેલ સિન્ડિકેટની સભાએ પસાર કરેલ ઠરાવો ઉપર કરેલ કાર્યવાહી મંજૂર કરવામાં આવી.**

૩.0 આચાર્યશ્રી, સેન્ટ સ્ટીફન ઇન્સ્ટીટયુટ ઓફ બિઝનેશ મેનેજમેન્ટ એન્ડ ટેકનોલોજી, આણંદમાં જૂન-૨૦૧૯થી નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે બી.સી.એ સ્નાતક અભ્યાસક્રમ શીખવવા એક વર્ષ માટે ચાલુ જોડાણ આપવા સેનેટે નક્કી કરેલ શરતોનું કોલેજે પરિપાલન કર્યુ છે કે કેમ? તે અંગે તપાસ કરી અહેવાલ આપવા કુલપતિશ્રીએ નીમેલ ઓન-ધ-સ્પોટ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત. (બિડાણઃ૩.0 પૃઃ૨૭ થી ૨૯)

**SPECIFIC COMMENTS FROM THE OTS COMMITTEE**

- Regular appoint of Principal is recommended.
- One additional Lab Assistant is required 17 student intake is at least 75%.
- No books have been purchased inspite of recommendation, New books must be purchased.
- Salary structure of faculty should be as per university norms.

૩.૧ આચાર્યશ્રી, સેન્ટ સ્ટીફન ઇન્સ્ટીટયુટ ઓફ બિઝનેશ મેનેજમેન્ટ એન્ડ ટેકનોલોજી, આણંદમાં જૂન-૨૦૧૯થી નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે એમ.એસ.સી(આઇ.ટી) અનુસ્નાતક અભ્યાસક્રમ શીખવવા એક વર્ષ માટે ચાલુ જોડાણ આપવા સેનેટે નક્કી કરેલ શરતોનું કોલેજે પરિપાલન કર્યુ છે કે કેમ? તે અંગે તપાસ કરી અહેવાલ આપવા કુલપતિશ્રીએ નીમેલ ઓન-ધ-સ્પોટ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત. (બિડાણઃ૩.૧ પૃઃ૩૦ થી ૩૨)

**SPECIFIC COMMENTS FROM THE OTS COMMITTEE**

- Regular Principal must be appointed.
- Syndicate approved teachers staff must be appointed.
- Gradual upgradation of hardware is required.

૩.૨ આચાર્યશ્રી, શ્રી ડી. એન ઇન્સ્ટીટયુટ ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન, આણંદમાં જૂન-૨૦૧૯થી નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે બી.સી.એ(બીજું વધારાનું ડીવીઝન) સ્નાતક અભ્યાસક્રમ શીખવવા એક વર્ષ માટે ચાલુ જોડાણ આપવા સેનેટે નક્કી કરેલ શરતોનું કોલેજે પરિપાલન કર્યુ છે કે કેમ? તે અંગે તપાસ કરી અહેવાલ આપવા કુલપતિશ્રીએ નીમેલ ઓન-ધ-સ્પોટ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત. (બિડાણઃ૩.૨ પૃઃ૩૩ થી ૩૫)

**SPECIFIC COMMENTS FROM THE OTS COMMITTEE**

- Regular appoint Principal is recommended.
- Two additional Lab Assistant should be appointed.
-

૩.૩ આચાર્યશ્રી, શ્રી ડી. એન ઈન્સ્ટીટયુટ ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન, આણંદમાં જૂન-૨૦૧૯થી નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે બી.એસ.સી(સી.એ એન્ડ આઇ.ટી) સ્નાતક અભ્યાસક્રમ શીખવવા એક વર્ષ માટે ચાલુ જોડાણ આપવા સેનેટે નકકી કરેલ શરતોનું કોલેજે પરિપાલન કર્યુ છે કે કેમ? તે અંગે તપાસ કરી અહેવાલ આપવા કુલપતિશ્રીએ નીમેલ ઓન-ધ-સ્પોટ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત. (બિડાણઃ૩.૩ પૃઃ૩૬થી ૩૮)

**SPECIFIC COMMENTS FROM THE OTS COMMITTEE**

- The process of appointing necessary staff should be completed in stipulated time.

૩.૪ આચાર્યશ્રી, શ્રી એ. એન પટેલ પી.જી ઈન્સ્ટીટયુટ ઓફ સાયન્સ, આણંદમાં જૂન-૨૦૧૯થી નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે એમ.એસ.સી(આઇ.ટી) અનુસ્નાતક અભ્યાસક્રમ શીખવવા એક વર્ષ માટે ચાલુ જોડાણ આપવા સેનેટે નકકી કરેલ શરતોનું કોલેજે પરિપાલન કર્યુ છે કે કેમ? તે અંગે તપાસ કરી અહેવાલ આપવા કુલપતિશ્રીએ નીમેલ ઓન-ધ-સ્પોટ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત. (બિડાણઃ૩.૪ પૃઃ૩૯ થી ૪૧)

**SPECIFIC COMMENTS FROM THE OTS COMMITTEE**

- 1 Lab assistant/Adhyapak sahayak should be appointed.
- Dr. Maulik Pandya is also working as I/c. Principal at DNICA.

૩.૫ આચાર્યશ્રી, શ્રી આર. કે પરીખ આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, પેટલાદમાં જૂન-૨૦૧૯થી નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે એસ.વાય બી.એસ.સી(કોમ્પ્યુટર સાયન્સ) સ્નાતક અભ્યાસક્રમ શીખવવા એક વર્ષ માટે ચાલુ જોડાણ આપવા સેનેટે નકકી કરેલ શરતોનું કોલેજે પરિપાલન કર્યુ છે કે કેમ? તે અંગે તપાસ કરી અહેવાલ આપવા કુલપતિશ્રીએ નીમેલ ઓન-ધ-સ્પોટ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત. (બિડાણઃ૩.૫ પૃઃ૪૨ થી ૪૪)

**SPECIFIC COMMENTS FROM THE OTS COMMITTEE**

- All conditions have been fulfilled.

૩.૬ આચાર્યશ્રી, સરદાર પટેલ કોલેજ ઓફ એડમીનીસ્ટ્રેશન એન્ડ મેનેજમેન્ટ , બાકરોલમાં જૂન-૨૦૧૯થી નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે બી.સી.એ. સ્નાતક અભ્યાસક્રમ શીખવવા એક વર્ષ માટે ચાલુ જોડાણ આપવા સેનેટે નકકી કરેલ શરતોનું કોલેજે પરિપાલન કર્યુ છે કે કેમ? તે અંગે તપાસ કરી અહેવાલ આપવા કુલપતિશ્રીએ નીમેલ ઓન-ધ-સ્પોટ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત. (બિડાણઃ૩.૬ પૃઃ૪૫ થી ૪૭)

**SPECIFIC COMMENTS FROM THE OTS COMMITTEE**

- Regular Principal to be appointed.
- Five(05)Assistant Professor to be appointed.

૩.૭ આચાર્યશ્રી, એન. વી. પટેલ કોલેજ ઓફ પ્યોર એન્ડ એપ્લાઇડ સાયન્સ કોલેજ, વલ્લભ વિદ્યાનગરમાં જૂન-૨૦૧૯થી નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે એમ.એસ.સી(આઇ.ટી) ૫ વર્ષ અનુસ્નાતક અભ્યાસક્રમ શીખવવા એક વર્ષ માટે ચાલુ જોડાણ આપવા સેનેટે નકકી કરેલ શરતોનું કોલેજે પરિપાલન કર્યુ છે કે કેમ? તે અંગે તપાસ કરી અહેવાલ આપવા કુલપતિશ્રીએ નીમેલ ઓન-ધ-સ્પોટ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત. (બિડાણઃ૩.૭ પૃઃ૪૮ થી ૫૦)

**SPECIFIC COMMENTS FROM THE OTS COMMITTEE**

- All the conditions are fulfilled.

૩.૮ આચાર્યશ્રી, આણંદ મર્કન્ટાઇલ કોલેજ ઓફ સાયન્સ મેનેજમેન્ટ એન્ડ કોમ્પ્યુટર ટેકનોલોજી, આણંદમાં જૂન-૨૦૧૯થી નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે એમ.એસ.સી(આઇ.ટી) અનુસ્નાતક અભ્યાસક્રમ શીખવવા એક વર્ષ માટે ચાલુ જોડાણ આપવા સેનેટે નક્કી કરેલ શરતોનું કોલેજે પરિપાલન કર્યુ છે કે કેમ? તે અંગે તપાસ કરી અહેવાલ આપવા કુલપતિશ્રીએ નીમેલ ઓન-ધ-સ્પોટ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત. (બિડાણ:૩.૮ પૃ:૫૧ થી ૫૩)

**SPECIFIC COMMENTS FROM THE OTS COMMITTEE**

- Hardware & Software suggested by Last OTS are yet to be fulfilled.
- Syndicate approval of teaching faculty is required.

૩.૯ આચાર્યશ્રી, બી. એન. પટેલ ઇન્સ્ટીટયુટ ઓફ પેરામેડીકલ એન્ડ સાયન્સ, આણંદમાં જૂન-૨૦૧૯થી નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે એમ.એસ.સી(આઇ.ટી) અનુસ્નાતક અભ્યાસક્રમ શીખવવા એક વર્ષ માટે ચાલુ જોડાણ આપવા સેનેટે નક્કી કરેલ શરતોનું કોલેજે પરિપાલન કર્યુ છે કે કેમ? તે અંગે તપાસ કરી અહેવાલ આપવા કુલપતિશ્રીએ નીમેલ ઓન-ધ-સ્પોટ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત. (બિડાણ:૩.૯ પૃ:૫૪ થી ૫૬)

**SPECIFIC COMMENTS FROM THE OTS COMMITTEE**

- All the conditions are fulfilled.
- Syndicate approval of staff to be taken.

૩.૧૦ આચાર્યશ્રી, વિનાયકા કોલેજ ઓફ આઇ.ટી એન્ડ મેનેજમેન્ટ, નડીયાદમાં જૂન-૨૦૧૯થી નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે બી.સી.એ. સ્નાતક અભ્યાસક્રમ શીખવવા એક વર્ષ માટે ચાલુ જોડાણ આપવા સેનેટે નક્કી કરેલ શરતોનું કોલેજે પરિપાલન કર્યુ છે કે કેમ? તે અંગે તપાસ કરી અહેવાલ આપવા કુલપતિશ્રીએ નીમેલ ઓન-ધ-સ્પોટ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત. (બિડાણ:૩.૧૦ પૃ:૫૭ થી ૫૯)

**SPECIFIC COMMENTS FROM THE OTS COMMITTEE**

- Full time regular Principal to be appointed.
- Syndicate approved teachers required.

૩.૧૧ આચાર્યશ્રી, તારકેશ એન્ડ નિરંજના સુરેશભાઇ કોમર્સ કોલેજ, બોરીઆવીમાં જૂન-૨૦૧૯થી નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે બી.સી.એ. સ્નાતક અભ્યાસક્રમ શીખવવા એક વર્ષ માટે ચાલુ જોડાણ આપવા સેનેટે નક્કી કરેલ શરતોનું કોલેજે પરિપાલન કર્યુ છે કે કેમ? તે અંગે તપાસ કરી અહેવાલ આપવા કુલપતિશ્રીએ નીમેલ ઓન-ધ-સ્પોટ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત. (બિડાણ:૩.૧૧ પૃ:૬૦ થી ૬૨)

**SPECIFIC COMMENTS FROM THE OTS COMMITTEE**

- Permanent Principal to be appointed.
- Syndicate approval of teaching faculty to be obtained.

**(નોંધ :બાબત ક્રમાંક: ૩.૦ થી ૩.૧૧ની ચર્ચા એક સાથે હાથ ધરવામાં આવી હતી.)**
**સભામાં થયેલી સર્વગ્રાહી અને તલસ્પર્શી ચર્ચા વિચારણાને અંતે આથી નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યું.**

**૧. ત્રુટીઓ વાળી કોલેજોની ટાસ્ક ફોર્સ મુલાકાત લેશે અને જેનો અહેવાલ સિન્ડિકેટમાં ચર્ચા બાદ નિર્ણય લેવાશે, જયારે બાબત ક્રમાંકઃ૩.૧, ૩.૮ અને ૩.૯ની સંસ્થાઓને શરતી મંજૂરી આપવી.**

**૨. જે કોલેજ માટે સિન્ડિકેટ ભલામણ કરશે તે કોલેજનું રાજય સરકારશ્રીને જોડાણ અંગેના જાહેરનામા બહાર પાડવા માટે ભલામણ કરશે.**

**૪. કુલપતિશ્રીએ મંજૂર કરેલા કાર્યની માહિતી :-**

(૧) **(મંજુરી આપ્યા તા. ૨૨/૦૮/૨૦૧૯) (મહેકમ વિભાગ)**

યુનિવર્સિટીના અનુસ્નાતક એમ.એસ.ડબલ્યુ (સે.ફા.) વિભાગમા રીડર (ડીઇએસ) તરીકે ફરજ બજાવતા ડૉ.(શ્રીમતી) શિવાની ડી. મિશ્રા એ તેઓના તારીખઃ૧૪-૦૮-૨૦૧૯ના રજા રિપોર્ટ થી ' To Attend and Present Paper in Joint Social Work Education and Research Conference University of Monchester, Monchester, United Kingdom during 9th-10th September-2019.માટે યુ.કે. જવાનુ હોવાથી તારીખઃ૦૭/૦૯/૨૦૧૯ થી તારીખઃ૧૩/૦૯/૨૦૧૯ સુધીની **૦૭ દિવસની ડયુટી લીવ**ની રજાઓ મંજૂર કરવા વિનંતી કરતા કુલપતિશ્રીએ સદર બાબત મંજૂર કર્યાના;

(નોંધઃ ઉપરોકત બાબતની ડૉ.(શ્રીમતી) મિશ્રાને આ કાર્યાલયના તારીખઃ-૨૧-૦૮-૨૦૧૯ના પત્ર ક્રમાંકઃબી પી/એસડીએમ/૨૫૩૬ થી જાણ કરી દીધેલ છે.)

(૨) **(મંજુરી આપ્યા તા. ૦૯/૦૯/૨૦૧૯) (એકેડેમિક વિભાગ)**

સંયુકત શિક્ષણ નિયામકશ્રી(કોલેજ), ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગર ની કચેરીના આદેશ ક્રમાંકઃ કવટઃ૨૦૧૯/IHC2/ફાજલ/૨૨૧૪૨ તારીખઃ૬/૮/૨૦૧૯થી બિન સરકારી અનુદાનપાત્ર આર્ટસ, કોમર્સ, વિજ્ઞાન, લૉ અને શિક્ષણની કોલેજોમાં યુ.જી.સી.ની ભલામણો મુજબ શિક્ષકોનો કાર્યભાર નકકી કરતા પૂર્ણ સમયના અધ્યાપકો કાર્યભાર વગરના / અલ્પ કાર્યભાર બને તેવા અધ્યાપકોને અન્ય કોલેજોમાં તે વિષયની ખાલી જગ્યા ઉપર સમાવવા અંતર્ગત આંકડાશાસ્ત્ર વિષયમાં પૂર્ણ સમયના વ્યાખ્યાતા તરીકે ફરજ બજાવતા હિતેન્દ્રકુમાર પી. દવેની એસ.એસ.પી. જૈન આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ધાંગધ્રાથી બી.જે. વાણિજ્ય મહાવિદ્યાલય, વલ્લભ વિદ્યાનગરમાં આંકડાશાસ્ત્ર વિષયમાં પૂર્ણ સમયના વ્યાખ્યાતા તરીકે રાજય સરકારશ્રીએ નિમણૂંક કરેલ છે. અને તેઓ સદર કોલેજમાં તારીખઃ૮/૮/૨૦૧૯ના રોજ હાજર થયેલ છે તો તેમની નિમણૂંકને મંજૂરી આપવા આચાર્યાના તારીખઃ૩૦/૮/૨૦૧૯ના પત્ર ક્રમાંકઃBJVM/2019-20/368થી કરેલ વિનંતીના સંદર્ભમાં સદર અધ્યાપકની કરેલ નિમણૂંકને સિન્ડિકેટની સભાની મંજૂરીની અપેક્ષાએ કુલપતિશ્રીએ મંજૂર કર્યાના;

(નોંધઃ (૧) હિતેન્દ્રકુમાર પી. દવેની શૈક્ષણિક લાયકાતની વિગત નીચે મુજબ છે.

શૈક્ષણિક લાયકાતઃ

બી.એસસી. (આંકડાશાસ્ત્ર) એપ્રિલ-૧૯૮૪ ૬૪.૭૧%

એમ.એસસી. (આંકડાશાસ્ત્ર) નવેમ્બર-૧૯૮૬ ૬૨.૭૫%)

(૨) ઉપરોકત અધ્યાપકની માન્યતાનો પત્ર આ કાર્યાલયના તારીખઃ૫/૯/૨૦૧૯ના પત્ર ક્રમાંકઃડી/બી/૨૮૪૩થી આચાર્યાશ્રી, બી.જે. વાણિજ્ય મહાવિદ્યાલય, વલ્લભ વિદ્યાનગરને કરેલ છે.)

(૩) **(મંજુરી આપ્યા તા. ૦૯/૦૯/૨૦૧૯) (એકેડેમિક વિભાગ)**
સંયુકત શિક્ષણ નિયામકશ્રી(કોલેજ), ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગરની કચેરીના આદેશ ક્રમાંકઃ કવટઃ૨૦૧૯/IHC2/ફાજલ/૨૨૧૪૨ તારીખઃ૬/૮/૨૦૧૯થી બિન સરકારી અનુદાનપાત્ર આર્ટસ, કોમર્સ, વિજ્ઞાન, લો અને શિક્ષણની કોલેજોમાં યુ.જી.સી.ની ભલામણો મુજબ શિક્ષકોનો કાર્યભાર નકકી કરતા પૂર્ણ સમયના અધ્યાપકો કાર્યભાર વગરના / અલ્પ કાર્યભાર બને તેવા અધ્યાપકોને અન્ય કોલેજોમાં તે વિષયની ખાલી જગ્યા ઉપર સમાવવા અંતર્ગત હોમસાયન્સ વિષયમાં પૂર્ણ સમયના વ્યાખ્યાતા તરીકે ફરજ બજાવતા ડૉ. ફાલ્ગુની રમેશચંન્દ્ર પંચાલની જી.એલ.એસ.(સદગુણા એન્ડ બી.ડી.) કોલેજ ફોર ગર્લ્સ, અમદાવાદથી શ્રી આર.પી. આર્ટ્સ, શ્રી કે.બી. કોમર્સ એન્ડ શ્રીમતી બી.સી.જે. સાયન્સ કોલેજ, ખંભાતમાં હોમસાયન્સ વિષયમાં પૂર્ણ સમયના વ્યાખ્યાતા તરીકે રાજય સરકારશ્રીએ નિમણૂંક કરેલ છે. અને તેઓ સદર કોલેજમાં તારીખઃ૧૦/૮/૨૦૧૯ના રોજ હાજર થયેલ છે તો તેમની નિમણૂંકને મંજૂરી આપવા આચાર્યશ્રીના તારીખઃ૨૯/૮/૨૦૧૯ના પત્ર ક્રમાંકઃ૨૫૪/૨૦૧૯-૨૦થી કરેલ વિનંતીના સંદર્ભમાં સદર અધ્યાપકની કરેલ નિમણૂંકને સિન્ડિકેટની સભાની મંજૂરીની અપેક્ષાએ કુલપતિશ્રીએ મંજૂર કર્યાના;

(નોંધઃ (૧) ડૉ. ફાલ્ગુની રમેશચંન્દ્ર પંચાલની શૈક્ષણિક લાયકાતની વિગત નીચે મુજબ છે.
શૈક્ષણિક લાયકાતઃ
બી.એ. (હોમસાયન્સ) એપ્રિલ-૧૯૯૪ ૭૧.૫૦%
એમ.એ. (હોમસાયન્સ) એપ્રિલ-૧૯૯૬ ૫૮.૨૦%
**જીસેટ (હોમસાયન્સ) માર્ચ-૨૦૧૨**
**પીએચ.ડી. (હોમસાયન્સ) જુલાઈ-૨૦૧૮**

(૨) ઉપરોકત અધ્યાપકની માન્યતાનો પત્ર આ કાર્યાલયના તારીખઃ૫/૯/૨૦૧૯ના પત્ર ક્રમાંક : ડી/બી/૨૮૪૨થી આચાર્યશ્રી, શ્રી આર.પી. આર્ટ્સ, શ્રી કે.બી. કોમર્સ એન્ડ શ્રીમતી બી.સી.જે. સાયન્સ કોલેજ, ખંભાતને કરેલ છે.)

(૪) **(મંજુરી આપ્યા તા. ૦૫/૦૯/૨૦૧૯) (એકેડેમિક વિભાગ)**
માનદ્ નિયામકશ્રી, વિનાયકા ઈન્સ્ટિટયુટ ઓફ ફીજીયોથેરાપી, બાકરોલના તારીખઃ ૧૧/૪/૨૦૧૯ના પત્ર નં. VIP/2018-19/268થી તેમની કોલેજમાં નીચેના અધ્યાપકોની કરવામાં આવેલ નિમણૂંકોને માન્યતા આપવા કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત;

**વિનાયકા ઈન્સ્ટિટયુટ ઓફ ફીજીયોથેરાપી, બાકરોલ**

| અ.નં. | નામ અને લાયકાત | નિમણૂકનો હોદ્દો | શેરો |
|---|---|---|---|
| ૧. | Saumi Bhattacharya (Saumi Sinha)<br>બેચલર ઓફ ફીજીયોથેરાપી માર્ચ-૧૯૮૪ ૬૫.૧૦%<br>માસ્ટર ઓફ ફીજીયોથેરાપી સપ્ટે. ૨૦૦૨ ૬૩.૮૧%<br>**શૈક્ષણિક અનુભવઃ**<br>૭ વર્ષ ૫ માસ કા.આચાર્ય અને લેકચરર<br>૨ વર્ષ ૭ માસ રીડર ,૧૦ વર્ષ ૮ માસ પ્રોફેસર | Principal | લાયકાત ધરાવે છે. |

| | | | |
|---|---|---|---|
| ૨. | Tank Sapnaben Nandlal<br>બેચલર ઓફ ફીજીયોથેરાપી જુલાઇ-૨૦૧૫ ૬૪.૨૨%<br>માસ્ટર ઓફ ફીજીયોથેરાપી એપ્રિલ-૨૦૧૮ ૬૦.૧૨% | Assistant Professor | લાયકાત ધરાવે છે. |
| ૩. | Chhaya Mitali Mayankbhai<br>બેચલર ઓફ ફીજીયોથેરાપી ૨૦૧૦ ઓગષ્ટ-૬૪.૮૨%<br>માસ્ટર ઓફ ફીજીયોથેરાપી ૨૦૧૩ જૂન-૬૦.૪૦%<br>**શૈક્ષણિક અનુભવઃ**<br>૧ વર્ષ ૧૦ માસ કિલનીકલ થેરાપીસ્ટ<br>૬ માસ આસી.પ્રોફેસર | Assistant Professor | લાયકાત ધરાવે છે. |
| ૪. | Mrugaxi Mahesh Gamit<br>બેચલર ઓફ ફીજીયોથેરાપી ઓગષ્ટ-૨૦૧૫ ૬૧.૫૦%<br>માસ્ટર ઓફ ફીજીયોથેરાપી મે-૨૦૧૮ ૬૫.૫૫% | Assistant Professor | લાયકાત ધરાવે છે. |
| ૫. | Vaibhaviben Jagdishbhai Parmar<br>બેચલર ઓફ ફીજીયોથેરાપી ઓગષ્ટ-૨૦૧૫ ૬૩%<br>માસ્ટર ઓફ ફીજીયોથેરાપી મે-૨૦૧૮ ૬૮.૨૨% | Assistant Professor | લાયકાત ધરાવે છે. |
| ૬. | Bhoomi Chetankumar Shah<br>(Bhoomi Pratikkumar Shah)<br>બેચલર ઓફ ફીજીયોથેરાપી જુલાઇ-૨૦૧૪ ૬૨.૬૬%<br>માસ્ટર ઓફ ફીજીયોથેરાપી મે-૨૦૧૮ ૬૭.૩૦% | Assistant Professor | લાયકાત ધરાવે છે. |

(૫) **(મંજુરી આપ્યા તા. ૦૯/૦૯/૨૦૧૯) (એકેડેમિક વિભાગ)**
**સંયુકત શિક્ષણ નિયામકશ્રી (કોલેજ), ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગરની કચેરીના આદેશ ક્રમાંકઃ કવટઃISC૮/ભરતી/એસ.આર.નં./૨૦૧૯/૧૫૯૩૬-૧૫૯૪૨ તારીખઃ૨/૭/૨૦૧૯ થી રાજયની શિક્ષણશાસ્ત્ર (બી.એડ્.) તથા કાયદા વિદ્યાશાખાની બિનસરકારી અનુદાનિત કોલેજમાં ખાલી પડેલ શૈક્ષણિક જગ્યાઓને કાર્યભાર અને રોસ્ટર ક્રમાંક ધ્યાને લઇ અધ્યાપક સહાયક તરીકે Dr. Harishchandrasinh Surendrasinh Rathodની શ્રી આર.પી.અનડા કોલેજ ઓફ એજ્યુકેશન, બોરસદમાં ઇંગ્લીશ વિષયમાં રાજય સરકારશ્રીએ પ્રથમ પાંચ વર્ષ માટે માસિક ફિકસ રૂા.૪૦,૧૭૬/-ના પગારમાં સમાવેશ કરેલ છે અને તેઓ સદર કોલેજમાં તારીખઃ૧૧/૭/૨૦૧૯ના રોજ હાજર થયેલ છે તો તેમની નિમણૂંકને મંજૂરી આપવા આચાર્યશ્રીના તારીખઃ૧૯/૮/૨૦૧૯ના પત્ર ક્રમાંકઃ રાઠોડ/૧૮૯૧/૨૦૧૯-૨૦થી કરેલ વિનંતીના સંદર્ભમાં સદર અધ્યાપકની કરેલ નિમણૂંકને સિન્ડિકેટની સભાની મંજૂરીની અપેક્ષાએ કુલપતિશ્રીએ મંજૂર કર્યાના;**

**(નોંધઃ (૧)** Dr. Harishchandrasinh Surendrasinh Rathod**ની શૈક્ષણિક લાયકાતની વિગત નીચે મુજબ છે.**

**શૈક્ષણિક લાયકાતઃ**

બી.એ. (ઇંગ્લીશ) એપ્રિલ-૧૯૯૮ ૬૧.૦૯%
એમ.એ. (ઇંગ્લીશ) એપ્રિલ-૨૦૦૦ ૫૫.૩૭%
બી.એડ્. એપ્રિલ-૨૦૦૧ ૫૪.૬૬%
એમ.એડ્. મે-૨૦૦૨ ૭૨%
એમ.ફીલ. (એજ્યુકેશન) જુલાઇ-૨૦૧૭ ૮૮%

**પીએચ.ડી. (એજ્યુકેશન) ઓગષ્ટ - ૨૦૧૧**
**જીસેટ (એજ્યુકેશન) ડીસેમ્બર - ૨૦૧૮**
**યુજીસી-નેટ (એજ્યુકેશન) જુલાઇ - ૨૦૧૮**
**શૈક્ષણિક અનુભવઃ**
૯ વર્ષ લેકચરર
૩ વર્ષ ૬ માસ આસી.પ્રોફેસર)

(૨) ઉપરોકત અધ્યાપકની માન્યતાનો પત્ર આ કાર્યાલયના તારીખઃ૫/૯/૨૦૧૯ના પત્ર ક્રમાંકઃડી/બી/૨૮૪૧થી આચાર્યશ્રી, શ્રી આર.પી.અનડા કોલેજ ઓફ એજ્યુકેશન, બોરસદને કરેલ છે.)

(૬) **(મંજુરી આપ્યા તા. ૦૭/૦૯/૨૦૧૯) (આઇ.ક્યુ.એ.સી વિભાગ)**

Faculty of Medicine **અંતર્ગત** Bachelor of Optometry **વિષયોમાં શૈક્ષણિક સ્ટાફની નિમણૂક માટે** Minimum Qualifications **કુલપતિશ્રીએ મંજૂર કર્યાનાઃ**

**(નોંધ : (૧) તારીખઃ૧૮ જુલાઈ, ૨૦૧૮ યુ.જી.સી ગેઝેટમાં** Faculty of Medicine **અંતર્ગત** Bachelor of Optometry **વિષય** Principal/Teaching faculty **માટે** Minimum Qualifications for Optometry **વિષયો માટે** Regulations**માં ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં** Bachelor of Optometry **અભ્યાસક્રમો માટે નિમણુંક કરવામાં આવનાર શૈક્ષણિક કર્મચારીઓ માટે આ સાથે સામેલ વિર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સિટી** (VNSGU) **એ માન્ય રાખેલા** Qualification **નીચે પ્રમાણે છે, જેનો અમલ કરીએ અને આગામી સિન્ડિકેટ સભામાં રજૂ કરીએ.**

| **Bachelor of Optometry** | |
|---|---|
| Tutor | Master degree in Optometry<br>**OR**<br>M.B.B.S. with post graduate Diploma in Ophthalmology |
| Lecturer / Assistant Professor | M.S. Ophthalmology<br>**OR**<br>Master degree in Optometry with 1 year experience as a tutor<br>**OR**<br>M.B.B.S. with post graduate Diploma in Ophthalmology with 1 year experience as a tutor |
| Reader / Associate Professor | M.S. Ophthalmology with total 5 year of experience with minimum of 3 years teaching experience<br>**OR**<br>Master degree in Optometry with total 5 years of experience with minimum of 4 years teaching experience<br>**OR**<br>M.B.B.S. with post graduate Diploma in Ophthalmology with total 5 years of experience with minimum of 4 years teaching experience. |
| Professor | Not given |

(૨) ઉપરોક્ત રેગ્યુલેશન્સ તારીખઃ૦૭-૦૯-૨૦૧૯ની કાર્યાલય નોંધ અન્વયે કુલપતિશ્રી એ સિન્ડિકેટની અપેક્ષાએ મંજૂર કર્યા છે.)

(૭) **(મંજુરી આપ્યા તા. ૧૭/૦૯/૨૦૧૯) (એકેડેમિક વિભાગ)**
સંયુકત શિક્ષણ નિયામકશ્રી(કોલેજ), ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગરની કચેરીના આદેશ ક્રમાંકઃ કવટઃ૨૦૧૯/IHC2/ફાજલ/૨૯૩૯૮-૨૯૪૧૫ તારીખઃ૨૧/૮/૨૦૧૯થી બિન સરકારી અનુદાનપાત્ર આર્ટસ, કોમર્સ, વિજ્ઞાન, લો અને શિક્ષણની કોલેજોમાં યુ.જી.સી.ની ભલામણો મુજબ શિક્ષકોનો કાર્યભાર નકકી કરતા પૂર્ણ સમયના અધ્યાપકો કાર્યભાર વગરના / અલ્પ કાર્યભાર બને તેવા અધ્યાપકોને અન્ય કોલેજોમાં તે વિષયની ખાલી જગ્યા ઉપર સમાવવા અંતર્ગત હિન્દી વિષયમાં પૂર્ણ સમયના વ્યાખ્યાતા તરીકે ફરજ બજાવતા ડૉ. ધનંજય પુજાભાઇ ચૌહાણ (ડૉ. ધનાભાઇ પુજાભાઇ ચૌહાણ)ની શ્રીમતી એચ.સી.પટેલ(કંડારી) આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, મિયાંગામ-કરજણ જી. વડોદરાથી નલિની એન્ડ ટી.વી.પટેલ આર્ટ્સ કોલેજ, વલ્લભ વિદ્યાનગર જી.આણંદમાં હિન્દી વિષયમાં પૂર્ણ સમયના વ્યાખ્યાતા તરીકે રાજ્ય સરકારશ્રીએ નિમણૂંક કરેલ છે. અને તેઓ સદર કોલેજમાં તારીખઃ૨૮/૮/૨૦૧૯ના રોજ હાજર થયેલ છે તો તેમની નિમણૂંકને મંજૂરી આપવા કા.આચાર્યશ્રીના તારીખઃ૯/૯/૨૦૧૯ના પત્ર ક્રમાંકઃ૨૦૧૯-૨૦/૩૮૫થી વિનંતી કરેલ છે.

(નોંધઃ (૧) ડૉ. ધનંજય પુજાભાઇ ચૌહાણ (ડૉ. ધનાભાઇ પુજાભાઇ ચૌહાણ)ની શૈક્ષણિક લાયકાતની વિગત નીચે મુજબ છે.

શૈક્ષણિક લાયકાતઃ

બી.એ. (હિન્દી) જુલાઇ-૧૯૮૧ B-Grade (4.27 CGPA)
એમ.એ. (હિન્દી) એપ્રિલ-૧૯૮૩ B-Grade (3.88 CGPA)
બી.એડ્. માર્ચ-૧૯૮૪ ૫૬%
**પીએચ.ડી. (હિન્દી) ફેબ્રુઆરી-૧૯૯૧**

(૨) ઉપરોકત અધ્યાપકની માન્યતાનો પત્ર આ કાર્યાલયના તારીખઃ૧૬/૯/૨૦૧૯ના પત્ર ક્રમાંકઃડી/બી/૩૦૬૮થી કા.આચાર્યશ્રી, નલિની એન્ડ ટી.વી.પટેલ આર્ટ્સ કોલેજ, વલ્લભ વિદ્યાનગરને કરેલ છે.)

(૮) **(મંજુરી આપ્યા તા. ૧૨/૦૯/૨૦૧૯) (એકેડેમિક વિભાગ)**
**શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦ માટેની સ્નાતક કક્ષાના કેન્દ્રીય પ્રવેશ પ્રક્રિયા દરમ્યાન યુનિવર્સિટી દ્વારા સ્નાતક અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા માગતા ધોરણ-૧૨માં NIOS બોર્ડમાંથી ઉર્તિણ થયેલા વિધાર્થીઓની માર્કશીટની ચકાસણી કરતા શંકા ઉપજાવે તેવા કેસો જણાયા હતા. સદર બાબતે માનનીય કુલપતિશ્રી દ્વારા એક સમિતિની રચના કરવામાં આવી હતી. સદર સમિતિ દ્વારા કુલ ૧૧ વિધાર્થીઓના પ્રવેશ રદ કરવામાં આવ્યા હતા જે માનનીય કુલપતિશ્રીએ મંજૂર કર્યાના;**

**(નોંધ : ૧. તારીખ.૦૫/૦૮/૨૦૧૯ના રોજ માનનીય કુલપતિ દ્વારા નિયુકત કરેલ સમિતિ દ્વારા NIOSના કુલ ૧૩ વિધાર્થીઓના દસ્તાવેજો શંકાસ્પદ જણાતા સમિતિ સમક્ષ ઉપસ્થીત રહેવા જણાવેલ હતુ. જેમાથી કુલ ૭ વિધાર્થીઓ હાજર રહયા હતા. કુલ ૭ વિધાર્થીઓમાંથી ૫ વિધાર્થીઓના પ્રવેશ રદ કરવામાં આવ્યા તથા હાજર ન રહેલા કુલ ૬ વિધાર્થીઓના પ્રવેશ રદ કરવામાં આવ્યા.**

૨. સંબંધિત વિદ્યાર્થીઓની જે તે કોલેજ/ઇન્સ્ટીટયુટના આચાર્ય/વડાશ્રીઓને, આવા વિદ્યાર્થીઓના પ્રવેશ રદ્ કર્યાની લેખિત જાણ તા.૦૫-૦૯-૨૦૧૯થી કરી દીધી છે.)

(૯) **(મંજુરી આપ્યા તા. ૧૨/૦૯/૨૦૧૯) (મહેકમ વિભાગ)**
યુનિવસીર્ટી ના અનુસ્નાતક રસાયણશાસ્ત્ર વિભાગમા એસોસીયેટ પોફેસર તરીકે ફરજ બજાવતા ર્ડા.કિરણકુમાર આર. સુરતીએ તેઓના તારીખઃ૨૦-૦૮-૨૦૯ના પત્ર નંઃR/Chem/KRS/ DL/2019-20/217થી તારીખઃ૧૯/૦૯/૨૦૧૯ થી તારીખઃ૨૭/૦૯/૨૦૧૯ સુધી “To attending the International Conference 20th International Union of Material Research Societies International Conference in Asia (IUMRS-ICA-2019),Perth, Australia on September 22-26,2019. માટે **૦૭ દિવસની ડ્યુટી લીવની** રજાઓ મંજૂર કરવા વિનંતી કરતા કુલપતિશ્રીએ સદર બાબત મંજૂર કર્યાના;

(૧૦) **(મંજુરી આપ્યા તા. ૧૪/૧૦/૨૦૧૯) (એકેડેમિક વિભાગ)**
યુ.જી.સી. ન્યુ દિલ્હીએ કોમ્યુનીટી કોલેજ, કૌશલ કેન્દ્ર અને બી.વોક.ની કોલેજોને ફાળવેલ સર્ટીફીકેટ/ડિપ્લોમા/બી.વોક./એમ.વોક.ના અભ્યાસક્રમો માટે સંબંધિત કોલેજોના કોર્સ કો.ઓર્ડિનેટર અને સંબંધિત કોલેજોના આચાર્યશ્રીઓ સાથે માનનીય કુલપતિશ્રીની અધ્યક્ષતામાં તારીખઃ ૨૧/૯/૨૦૧૯ના રોજ મળેલ સભાના સંદર્ભમાં બિડાણમાં દર્શાવ્યા મુજબની ભલામણોને માનનીય કુલપતિશ્રીએ મંજૂર કર્યાના;

(નોંધઃ ઉપરોક્ત બાબતની સંબંધકર્તા કોલેજોને આ કાર્યાલયના પરિપત્ર ક્રમાંકઃ ડી/બી-૩/૨૯૭૧(૨) તારીખઃ ૧૧/૧૦/૨૦૧૯ થી જાણ કરવામાં આવી હતી.)

(૧૧) **(મંજુરી આપ્યા તા. ૨૫-૦૯-૨૦૧૯) (મહેકમ વિભાગ)**
યુનિવર્સિટીના એકેડેમિક વિભાગમાં કાર્યાલય અધિક્ષક તરીકે ફરજ બજાવતા શ્રી વિષ્ણુભાઈ દલુભાઈ બ્રહ્મભટ્ટ તારીખઃ ૩૧-૧૦-૨૦૧૯ના રોજ બે વર્ષનો અજમાયશી સમય પૂરો કરતા હોઇ તેઓને કાર્યાલય અધિક્ષકની જગા ઉપર તારીખઃ ૨૯-૦૮-૨૦૧૯ના રોજથી કાયમ કર્યાના.

(નોંધઃશ્રી બ્રહ્મભટ્ટની વયનિવૃત્તિને ધ્યાને લઈ તેઓનો કાર્યાલય અધિક્ષક તરીકેનો અજમાયશી સમય તારીખઃ ૩૧-૦૮-૨૦૧૯ના રોજ પૂર્ણ થતો હોઈ તેઓને તારીખઃ ૨૯-૦૮-૨૦૧૯થી આ જગ્યા પર કાયમ કરવા સંદર્ભે કુલપતિશ્રીના તારીખઃ ૨૫-૦૯-૨૦૧૯ના આદેશ મુજબ કાર્યોત્તર અસરથી કાયમી કરવામાં આવેલ છે.)

**કુલપતિશ્રીએ મંજૂર કરેલ કાર્ય બાબત ક્રમાંકઃ ૪.૧ થી ૪.૧૧ ને બહાલી આપવામાં આવી.**

**(એકેડેમિક વિભાગ)**

૫. અનુસ્નાતક હિન્દી વિભાગના વડાશ્રીની નિમણૂંક કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે અનુસ્નાતક હિન્દી વિભાગના વડાશ્રી તરીકે પ્રો. મદનમોહન શર્માની તાઃ૦૫/૧૨/૨૦૧૯ થી તાઃ૩૧/૦૭/૨૦૨૨ સુધી યુનિવર્સિટીના નિયમાનુસાર નિમણૂક કરવી.(તા.૩૧-૦૭-૨૦૨૨ના રોજ પ્રો. મદનમોહન શર્મા નિવૃત થશે.)**

**(મહેકમ વિભાગ)**

૬. યુનિવર્સિટીમાં નીચે જણાવેલા શિક્ષક કર્મચારીઓ તેમના નામ સામે દર્શાવેલ તારીખે ૬૨ વર્ષની વય પૂરી કરતા હોઈ તેઓ નિયમાનુસાર તારીખઃ ૧૪-૦૬-૨૦૨૦ના રોજ (ઓફિસ સમય બાદ) નિવૃત્ત થશે તેની નોંધ લેવા બાબત.

| **અનુ. નં.** | **નામ અને હોદ્દો** | **વિભાગ** | **જન્મ તારીખ** | **૬૨ વર્ષની વય પૂરી કર્યાની તારીખ** |
|---|---|---|---|---|
| ૧. | ડૉ. રાજેશકુમાર મનુભાઈ જોષી એસોસીએટ પ્રોફેસર (ડીઈએસ) | અનુસ્નાતક બિઝનેસ સ્ટડીઝ વિભાગ | ૦૧-૧૧-૧૯૫૭ | ૩૧-૧૦-૨૦૧૯ |

**આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. રાજેશકુમાર મનુભાઈ જોષી એસોસીએટ પ્રોફેસરની નિવૃત્તિની નોંધ લેવી અને શુભેચ્છા પાઠવવી.**

(**<u>એન.એસ.એસ વિભાગ</u>**)

૭. તા.૧૭/૦૯/૨૦૧૯ના રોજ મળેલ યુનિવર્સિટી રાષ્ટ્રીય સેવા યોજનાની એડવાઈઝરી કમિટીએ(એન. એસ.એસ સલાહકાર સમિતિ)કરેલ ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

(બિડાણઃ૪ પૃઃ કાર્યનોંધ)

**આથી ઠરાવવામાં આવે છે કે તા.૧૭/૦૯/૨૦૧૯ના રોજ મળેલ યુનિવર્સિટી રાષ્ટ્રીય સેવા યોજનાની એડવાઈઝરી કમિટીએ(એન.એસ.એસ સલાહકાર સમિતિ)કરેલ ભલામણો મંજૂર કરવામાં આવી.**

**(એકેડેમિક વિભાગ)**

૮. ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા પસંદગી પામેલ અધ્યાપકોની ગવર્નમેન્ટ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, કઠલાલમાં (૧) Jayesh Mohanlal Vyasની સંસ્કૃત વિષયમાં મદદનીશ પ્રાધ્યાપક તથા (૨) Jagdish Bhikhubhai Bhagatની એકાઉન્ટન્સી વિષયમાં મદદનીશ પ્રાધ્યાપક તરીકે (રૂા.૧૫૬૦૦-૩૯૧૦૦-૬૦૦૦- એજીપી) પગાર ધોરણમાં સીધી ભરતી દ્વારા કોલેજમાં હાજર થયા તારીખથી બે વર્ષના અજમાયશી સમય પર તદ્દન હંગામી ધોરણે કામચલાઉ અજમાયશી નિમણૂંક કરેલ છે અને તેઓ સદર કોલેજમાં તારીખઃ૨૯/૪/૨૦૧૯ અને તારીખઃ૧/૫/૨૦૧૯ના રોજ હાજર થયેલ છે તો તેમની નિમણૂંકને

યુનિવર્સિટીની માન્યતા માટે આચાર્યશ્રી, ગવર્નમેન્ટ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, કઠલાલના તારીખઃ ૨૧/૯/૨૦૧૯ના પત્ર ક્રમાંકઃ ૨૦૧૯/૫૯૪થી કરેલ વિનંતી પર ચર્ચા વિચારણા કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા પસંદગી પામેલ અધ્યાપકોની ગવર્નમેન્ટ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, કઠલાલમાં (૧) Jayesh Mohanlal Vyasની સંસ્કૃત વિષયમાં મદદનીશ પ્રાધ્યાપક તથા (૨) Jagdish Bhikhubhai Bhagatની એકાઉન્ટન્સી વિષયમાં મદદનીશ પ્રાધ્યાપક તરીકે**

૧. Jayesh Mohanlal Vyas, કમિશ્નરશ્રી, સંયુકત શિક્ષણ નિયામકશ્રી (કોલેજ), ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગરની કચેરીના આદેશ ક્રમાંકઃ મકમ/ESC2/GPSC-સંસ્કૃત/ ૨૦૧૯/૫૬૯૩-૫૮૦૬ તારીખઃ ૨૫/૪/૨૦૧૯ રોજના પત્રથી રાજ્ય સરકારશ્રીએ નિમણૂંક કરેલ છે.

**શૈક્ષણિક લાયકાતઃ**
બી.એ. (સંસ્કૃત) જૂન-૨૦૧૨ ૮૦.૬૬%
એમ.એ. (સંસ્કૃત) મે-૨૦૧૪ ૮૩.૩૧%
યુજીસી-નેટ (સંસ્કૃત) ઓક્ટોબર-૨૦૧૩

૨. Jagdish Bhikhubhai Bhagat, કમિશ્નરશ્રી, સંયુકત શિક્ષણ નિયામકશ્રી (કોલેજ), ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગરની કચેરીના આદેશ ક્રમાંકઃ મકમ/ESC2/GPSC-એકાઉન્ટન્સી/ ૨૦૧૯/૫૮૨૩-૫૮૯૧ તારીખઃ ૨૫/૪/૨૦૧૯ રોજના પત્રથી રાજ્ય સરકારશ્રીએ નિમણૂંક કરેલ છે.

**શૈક્ષણિક લાયકાતઃ**
બી.કોમ. માર્ચ-૨૦૧૩ ૬૪.૧૧%
એમ.કોમ.(એક્ષ્ટર્નલ) એપ્રિલ-૨૦૧૫ ૬૧.૧૧%
જીસેટ (કોમર્સ) નવેમ્બર -૨૦૧૬

**ઉપરોક્ત બન્ને અધ્યાપક સદર કોલેજમાં તારીખઃ૨૯/૪/૨૦૧૯ અને તારીખઃ૦૧/૦૫ /૨૦૧૯ના ના રોજ હાજર થયેલ છે તો તેમની નિમણૂંકને માન્યતા આપવી.**

૯. શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦ માટેની સ્નાતક કક્ષાના કેન્દ્રીય પ્રવેશ પ્રક્રિયા દરમ્યાન યુનિવર્સિટી દ્વારા સ્નાતક અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા માગતા ધોરણ-૧૨માં NIOS બોર્ડમાંથી ઉર્તિણ થયેલા વિધાર્થીઓની માર્કશીટની ચકાસણી કરતા શંકા ઉપજાવે તેવા કેસો જણાયા હતા. સદર બાબતે માનનીય કુલપતિશ્રી દ્વારા એક સમિતિની રચના કરવામાં આવી હતી, સમિતિએ તારીખ.૦૩/૧૦/૨૦૧૯ના રોજ આપેલા વિસ્તૃત અહેવાલ ઉપર ચર્ચા વિચારણા કરવા બાબત.
(બિડાણઃ ૫ પૃઃ ૬૩ થી ૬૪)

**આથી ઠરાવવામાં આવે છે કે શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦ માટેની સ્નાતક કક્ષાના કેન્દ્રીય પ્રવેશ પ્રક્રિયા દરમ્યાન યુનિવર્સિટી દ્વારા સ્નાતક અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા માગતા ધોરણ-૧૨માં NIOS બોર્ડમાંથી ઉર્તિણ થયેલા વિધાર્થીઓની માર્કશીટની ચકાસણી કરતા શંકા ઉપજાવે તેવા કેસો જણાયા હતા. સદર બાબતે માનનીય કુલપતિશ્રી દ્વારા**

**એક સમિતિની રચના કરવામાં આવી હતી, સમિતિએ તારીખ.૦૩/૧૦/૨૦૧૯ના રોજ આપેલા વિસ્તૃત અહેવાલ ની નોંધ લેવી.**

**વધુમાં ઠરાવવામાં આવે છે કે સદર બાબતની ગંભીરતાને ધ્યાને લઇ વાલીઓ/વિધાર્થીઓમાં બહોળી પ્રસિદ્ધિ જાળી રહે તે હેતુસર NIOS બાબતે સતર્કતા રાખવા પરિપત્ર કરવો. શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧થી NIOS દ્વારા ઇસ્યુ થયેલી માર્કશીટ વાળા વિધાર્થીઓને સરદાર પટેલ યુનિવર્સિટીમાં પ્રવેશ આપવો નહિ.**

૧૦. કાર્યકારી આચાર્યશ્રી, શ્રીમતી કમલાબેન પી. પટેલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ફીજીયોથેરાપી એન્ડ ઓકયુપેશનલ થેરાપી, આણંદના તારીખઃ ૨૧/૯/૨૦૧૯ના પત્રથી તેમની કોલેજમાં નીચેના અધ્યાપકની કરવામાં આવેલ નિમણૂંકને માન્યતા આપવા કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત;

**શ્રીમતી કમલાબેન પી. પટેલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ફીજીયોથેરાપી એન્ડ ઓકયુપેશનલ થેરાપી, આણંદ**

| અ.નં. | નામ અને લાયકાત | નિમણૂકનો હોદ્દો | શેરો |
|---|---|---|---|
| ૧. | Aditya Kasotia<br>બેચલર ઓફ ઓકયુપેશનલ થેરાપી જૂન-૨૦૧૪ ૬૦.૬૩%<br>માસ્ટર ઓફ ઓકયુપેશનલ થેરાપી જૂન-૨૦૧૬ ૬૫.૭૬% | Assistant Professor in Occupational Therapy | લાયકાત ધરાવે છે. |

**આથી ઠરાવવામાં આવે છે કે પ્રવર્તમાન Statute:196 અને Statute:197 ની જોગવાઇ મુજબ શ્રીમતી કમલાબેન પી. પટેલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ફીજીયોથેરાપી એન્ડ ઓકયુપેશનલ થેરાપી, આણંદમાં ઉપરોકત ક્રમાંકઃ ૧ ની કરેલ અધ્યાપકની નિમણૂંકને માન્યતા આપવી.**

**(એસ્ટેટ વિભાગ)**

૧૧. તારીખઃ૦૪/૧૦/૨૦૧૯ શુક્રવારના રોજ મળેલ બિલ્ડીંગ એન્ડ એસ્ટેટ કમિટિની કાર્યનોંધ મંજૂર કરવા બાબત. (બિડાણઃ ૬ પૃઃ કાર્યનોંધ)

**આથી ઠરાવવામાં આવે છે કે તારીખઃ ૦૪/૧૦/૨૦૧૯ શુક્રવારના રોજ મળેલ બિલ્ડીંગ એન્ડ એસ્ટેટ સમિતિએ કરેલ ભલામણો મંજુર કરવી, અને જે તે પેઢીને વિલંબિત કાર્યવાહી કરીને યુનિવર્સિટીએ આપેલી કામગીરી નિયત સમય મર્યાદામાં પુરી ન કરે તેવી પેઢીને ભલામણ મુજબ થયેલ દંડાત્મક રકમ વસુલ કરવી, વધુમાં યુનિવર્સિટી કોલોની સ્થિત સૂચિત બહુમાળી ટીચર્સ કવાર્ટસ માટે રી-ટેન્ડર પ્રક્રિયાને યોગ્ય ગણી બહાલી આપવામાં આવી.**

**કુલપતિશ્રીના નિવાસસ્થાને હમાલ તરીકે ફરજ બજાવતા કર્મચારીને કવાર્ટર ફાળવવાની બાબત ક્રમાંકઃ૫ ને રદ્ ગણવી.**

**(હિસાબ વિભાગ)**

૧૨. તારીખઃ૦૭/૧૦/૨૦૧૯ સોમવારના રોજ મળેલ ફાઈનાન્સ એન્ડ એસ્ટાબ્લિશમેન્ટ કમિટિએ કરેલ ભલામણો ઉપર વિચારણા કરવા બાબત. (બિડાણઃ ૭ પૃઃ કાર્યનોંધ)

**આથી ઠરાવવામાં આવે છે કે તારીખઃ ૦૭/૧૦/૨૦૧૯ સોમવારના રોજ મળેલ ફાઈનાન્સ એન્ડ એસ્ટાબ્લિશમેન્ટ સમિતિએ કરેલ ભલામણો મંજુર કરવી.**

**(મહેકમ વિભાગ)**

૧૩. શૈક્ષણિક કર્મચારીઓની શૈક્ષણિક લાયકાત તથા અન્ય ધારાધોરણનો સ્વીકાર કરતાં જરૂરી સ્ટેચ્યુટ અને ઓર્ડિનન્સમાં સુધારો મંજૂર કરવા વિચારણા કરવા બાબત. (બિડાણઃ ૮ પૃઃ ----)

(નોંધ :

(૧) યુનિવર્સિટી ગ્રાન્ટસ્ કમિશન, ન્યુ દિલ્હીના તારીખઃ ૧૮/૦૭/૨૦૧૮ તથા તારીખઃ ૨૦/૦૮/૨૦૧૮ના નોટીફીકેશન અંતર્ગત યુનિવર્સિટી તથા કૉલેજોના શિક્ષકો માટે તથા અન્ય શૈક્ષણિક કર્મચારીઓની નિમણૂકના ધારાધોરણનો અમલ કરવા તારીખ : ૩૦/૦૪/૨૦૧૯ના રોજ મળેલ સિન્ડિકેટ સભાએ બાબત ક્રમાંક ૧૬થી રજુ કરતાં નીચે મુજબ ઠરાવ્યુ છે.

"આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ગ્રાન્ટસ્ કમિશન નોટીફીકેશન અન્વયે શૈક્ષણિક કર્મચારીઓની શૈક્ષણિક લાયકાત તથા અન્ય ધારાધોરણોનો સ્વીકાર કરવો અને જરૂરી સ્ટેચ્યુટ અને ઓર્ડિનન્સમાં જરૂરી સુધારો કરી આગામી સિન્ડિકેટ તથા સેનેટ સભામાં આ બાબત રજૂ કરવી."

(૨) ઉક્ત સંદર્ભે આ વિભાગ દ્વારા આગળની કાર્યવાહી કરવા આ કાર્યાલય દ્વારા તારીખ : ૧૬/૦૯/૨૦૧૯ના ઓફિસ નોંધ રજુ કરતા સદર બાબતે આઇ.કયુ.એ.સી. અને એ.પી.આઇ. કમિટી સમક્ષ રજૂ કરવાના આદેશ કરવામાં આવેલ છે

(૩) ત્યારબાદ આઇ.કયુ.એ.સી. વિભાગ દ્વારા આ બાબતે આગળની કાર્યવાહી કરતા તારીખ : ૧૧/૦૯/૨૦૧૯ની નોંધમાં થયેલ આદેશ સંદર્ભે નિયત કમિટીની રચના કરવા અને સદર કમિટી દ્વારા સબંધિત સુધારો સૂચવેલ છે.

(૪) ઉપરોકત નિયત સમિતિ દ્વારા યુ.જી.સી. ગેઝેટ ઓફ ઈન્ડિયા, જુલાઈ-૨૦૧૮ અનુસાર યુનિવર્સિટીમાં નીચે મુજબના યુનિવર્સિટી અધિનિયમ (એકટ), ધારા (સ્ટેચ્યુટ) તથા અધ્યાદેશ (ઓર્ડિનન્સ)માં જરૂરી સુધારા કરવામાં આવેલ છે જે મંજુર કરવાના થાય છે.

(i) Statue -196
(ii) Statue -198 (A & B)
(iii) Statue -199 (a)
(iv) Statue -200
(v) Ordinance-95 (B) (બિડાણ : ૧)

(૫) વિવિધ કાઉન્સીલ જેમ કે, AICTE, PCI, MCI વગેરે અંતગર્ત ચાલતા અભ્યાસક્રમોને લગતા રેગ્યુલેશન તૈયાર કરવાની પ્રક્રિયા ચાલુ છે જે અલગથી મંજૂર કરાવવામાં આવશે.

(૬) તારીખઃ ૦૪/૦૯/૨૦૧૯ના ઉચ્ચ શિક્ષણ કમિશ્નર કચેરીના પત્રાંક નં.CHE/ISC-7/2019/80-93 અન્વયે કેન્દ્રીય સાતમા પગાર પંચની ભલામણ મુજબ રાજયની સરકારી યુનિવર્સિટીઓ

અને યુનિવર્સિટી સંલગ્ન કૉલેજોના શૈક્ષણિક કર્મચારીઓને પગાર સુધારણાનો લાભ આપવા બાબતે સરકારમાંથી રીએમ્બર્સમેન્ટ પેટે ફાળવવાપાત્ર ૫૦% રકમ મેળવવા અંગેની દરખાસ્તના અનુસંધાનમાં રાજયની દરેક સરકારી યુનિવર્સિટીઓના સ્ટેચ્યુટસ, ઓર્ડિનન્સ, રૂલ્સ અને રેગ્યુલેશન વિગેરેમાં જરૂરી સુધારો કરી રજૂ કરવા જણાવેલ હોય છે. જે જાણ સારૂ.)

**આથી ઠરાવવામાં આવે છે કે શૈક્ષણિક કર્મચારીઓની શૈક્ષણિક લાયકાત તથા અન્ય ધારા ધોરણનો સ્વીકાર કરતાં જરૂરી સ્ટેચ્યુટ અને ઓર્ડિનન્સમાં સુધારો મંજૂર કરી આગળની કાર્યવાહી કરવી, અને તદ્અનુસાર સત્વરે ઉચ્ચશિક્ષણ કમિશ્નરની કચેરીને જાણ કરવી અને સંબંધકર્તા સુચિત સ્ટેચ્યુટમાં સુધારો આગામી સેનેટમાં રજૂ કરી, રાજય સરકારશ્રીને સુધારા સહિતના સ્ટેચ્યુટની દરખાસ્ત મંજૂરી માટે મોકલવી.**

(એકેડેમિક વિભાગ)

૧૪. કાર્યકારી આચાર્યશ્રી, ડૉ. વી.એચ.દવે હોમિયોપેથીક મેડીકલ કોલેજ એન્ડ શ્રીમતી એસ. આઇ. પટેલ (ઇપ્કોવાલા) હોમિયોપેથિક હોસ્પિટલ, આણંદના તારીખઃ૧૦/૧૦/૨૦૧૯ના પત્ર ક્રમાંકઃએચએમસી/૨૯૫/૨૦૧૯થી તેમની કોલેજમાં નીચે મુજબના અધ્યાપકોની કરવામાં આવેલ નિમણૂંકોને માન્યતા આપવા કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

| અ.નં. | નામ અને લાયકાત | નિમણૂંકનો હોદ્દો | શેરો |
|---|---|---|---|
| ૧ | Dr. Sonal Hiren Panchmatiya<br>(Dr. Sonal Chandrakant Unadkat)<br>બી.એચ.એમ.એસ., એપ્રિલ-૨૦૦૧, ૫૫.૫૦%<br>એમ.ડી. (મટેરીયા મેડીકા) ૨૦૦૮<br>**શૈક્ષણિક અનુભવ :** ૫ વર્ષ લેકચરર, ૪ વર્ષ ૫ માસ રીડર | મટેરીયા મેડીકા વિષયમાં પ્રોફેસર | લાયકાત ધરાવે છે |
| ૨ | Dr. Rajeshkumar Laljibhai Valand<br>બી.એચ.એમ.એસ., ઓગષ્ટ-૨૦૦૪<br>એમ.ડી. (હોમિયોપેથી) (ઓર્ગેનોન એન્ડ હોમિયોપેથી ફિલોસોફી) મે-૨૦૧૨<br>**શૈક્ષણિક અનુભવઃ**૫ વર્ષ ૬ માસ લેકચરર | ઓર્ગેનોન એન્ડ હોમિયોપેથી ફિલોસોફી વિષયમાં રીડર | લાયકાત ધરાવે છે |
| ૩ | Dr. Kalpesh Harshadbhai Shah<br>થર્ડ એમ.બી.બી.એસ., નવેમ્બર-૨૦૦૦ ૫૬.૮૦%<br>ડીપ્લોમાં ઇન કલીનીકલ પેથોલોજી નવેમ્બર-૨૦૦૩ ૫૧.૬૬%<br>એમ.ડી. (માઇક્રોબાયોલોજી) એપ્રિલ-૨૦૧૫ ૬૦.૫૦%<br>**શૈક્ષણિક અનુભવ**<br>૭ વર્ષ ૧૦ માસ પેથોલોજીમાં ટયુટર,૬ વર્ષ માઇક્રોબાયોલોજીમાં ટયુટર | પેથોલોજી વિષયમાં રીડર | લાયકાત ધરાવે છે |
| ૪ | Dr. Pujaben Nayneshbhai Bhatt<br>બી.એચ.એમ.એસ., માર્ચ-૨૦૧૨ ૬૨.૬૨%<br>એમ.ડી. (મટેરીયા મેડીકા) ડીસેમ્બર-૨૦૧૬<br>**શૈક્ષણિક અનુભવઃ** ૨ વર્ષ ૧ માસ લેકચરર | કોમ્યુનીટી મેડીસીન વિષયમાં લેરચરર | લાયકાત ધરાવે છે |
| ૫ | Dr. Dharaben Saurabhkumar Araro<br>(Dr. Dharaben Rajkumar Punjabi)<br>બી.એચ.એમ.એસ., એપ્રિલ-૨૦૦૬ ૫૬.૬૬%<br>એમ.ડી. (હોમિયોપેથીક)(રેપર્ટરી) ઓકટોબર-૨૦૧૮<br>**શૈક્ષણિક અનુભવઃ**૫ વર્ષ ૧ માસ લેકચરર | એનોટોમી વિષયમાં લેરચરર | લાયકાત ધરાવે છે |

| | | | |
|---|---|---|---|
| ૬ | Dr. Nirali Chirag Modi<br>(Dr. Nirali Chandreshkumar Joshi)<br>બી.એચ.એમ.એસ., ફેબ્રુઆરી-૨૦૧૪, ૫૪.૯૩%<br>એમ.ડી. (હોમિયોપેથીક)(ઓર્ગેનોન એન્ડ હોમિયોપેથી ફિલોસોફી)<br>ઓકટોબર-૨૦૧૮ | ઓર્ગેનોન એન્ડ હોમિયોપેથી ફિલોસોફી વિષયમાં લેકચરર | લાયકાત ધરાવે છે |

**આથી ઠરાવવામાં આવે છે કે પ્રવર્તમાન Statute:196 અને Statute:197 ની જોગવાઇ મુજબ ડૉ. વી.એચ.દવે હોમિયોપેથીક મેડીકલ કોલેજ એન્ડ શ્રીમતી એસ. આઇ. પટેલ (ઇપ્કોવાલા) હોમિયોપેથિક હોસ્પિટલ, આણંદમાં ઉપરોકત ક્રમાંકઃ ૧ થી ૬ની કરેલ અધ્યાપકની નિમણૂંકને માન્યતા આપવી.**

**(પરીક્ષા વિભાગ)**

૧૫. યુનિવર્સિટી દ્વારા લેવામાં આવેલી ઓગષ્ટ -૨૦૧૯ ની યુનિવર્સિટીની વિવિધ વિદ્યાશાખાઓની પરીક્ષાઓમાં પ્રાશ્નીકો/પરીક્ષકો દ્વારા પ્રશ્નપત્રમાં તથા પરીક્ષાલક્ષી કામગીરીમાં રહી ગયેલ ક્ષતિઓ બાબતની સમીક્ષા કરવા તા. ૨૯/૦૯/૨૦૧૯ ના રોજ મળેલ Examination Issue Committee એ આપેલ અહેવાલ પર ચર્ચા કરવા બાબત.....

(બિડાણ : તા. ૨૯/૦૯/૨૦૧૯ ની Examination Issue Committeeનો ગોપનીય અહેવાલ)

**સદર બાબતને હાલ પુરતી મુલ્તવી રાખવામાં આવી હતી, એટલે કે સદર બાબતને ચર્ચામાં લેવામાં આવી નહતી.**

૧૬. ઓગષ્ટ/સપ્ટેમ્બર-૨૦૧૯ની યુનિવર્સિટીની પરીક્ષાઓમાં પરીક્ષાલક્ષી ગેરરીતી આચરતા પકડાયેલા પરીક્ષાર્થીઓ માટે તપાસ કરી તેને લગતી ભલામણો કરવા માટે તા. ૧૭/૧૦/૨૦૧૯ ના રોજ મળેલ પરીક્ષા શુદ્ધિ સમિતિએ કરેલી ભલામણો ઉપર વિચારણા કરવા બાબત. (બિડાણઃ ૯ પૃઃ કાર્યનોંધ)

**આથી ઠરાવવામાં આવે છે કે ઓગષ્ટ/સપ્ટેમ્બર-૨૦૧૯ની યુનિવર્સિટીની પરીક્ષાઓમાં પરીક્ષાલક્ષી ગેરરીતી આચરતા પકડાયેલા પરીક્ષાર્થીઓ માટે તપાસ કરી તેને લગતી ભલામણો કરવા માટે તા. ૧૭/૧૦/૨૦૧૯ ના રોજ મળેલ પરીક્ષા શુદ્ધિ સમિતિએ કરેલી ભલામણોનો સ્વીકાર કરવા અને તદ્અનુસાર આગળની કાર્યવાહી કરવી.**

૧૭. P. S. Medical College, Karamasadમાં ચાલતા M. D. (Obstetrics & Gynaecology)નો અભ્યાસક્રમ M. S. (Obstetrics & Gynaecology)માં રૂપાંતરીત થતા નવા અભ્યાસક્રમના નામથી ગોલ્ડ મેડલ આપવા અંગે વિચારણા કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે P. S. Medical College, Karamasadમાં ચાલતા M. D. (Obstetrics & Gynaecology)નો અભ્યાસક્રમ M. S. (Obstetrics & Gynaecology)માં રૂપાંતરીત થતા નવા અભ્યાસક્રમના નામથી ગોલ્ડ મેડલ આપવો તથા દાતાશ્રીને જાણ કરવી.**

**અધ્યક્ષસ્થાને થી રજૂ થયેલ બાબત.....**

યુનિવર્સિટી સંલગ્ન કોલેજો ઇન્સ્ટીટ્યુટના કેમ્પસમાં તથા પરીક્ષા રૂમમાં સીસીટીવી કેમેરા મુકવા બાબતે તારીખ : ૨૭/૦૯/૨૦૧૭ ના રોજ મળેલ સિન્ડિકેટ સભામાં થયેલ ઠરાવ અંગે પુનઃ ચર્ચા વિચારણા કરવા બાબત...

(નોંધ :-

"(૧) તારીખ : ૨૭/૦૯/૨૦૧૭ના રોજ મળેલ સિન્ડિકેટ સભામાં બાબત ક્રમાંક ૧૩ માં થયેલ ઠરાવ જે નીચે મુજબ છે.

"આથી ઠરાવવામાં આવે છે કે યુજીસી અને રાજ્ય સરકારે યુનિવર્સિટી સંલગ્ન કોલેજો/ઇન્સ્ટીટ્યુટો કેમ્પસમાં તથા પરીક્ષા ખંડમાં સીસીટીવી કેમેરા મુકવા માટે થયેલ રજૂઆત સર્વાનુમતે મંજૂર કરવામાં આવી અને તેનો અમલ સત્વરે કરવા માટેની કાર્યવાહી હાથ ધરવી.

શ્રી બીપીનચંન્દ્ર પી. પટેલે ક્લાસ રૂમમાં (પરીક્ષા રૂમમાં) સીસીટીવી કેમેરા મુકવા બાબતે અસંમતી દર્શાવી હતી"

(૨) સિન્ડિકેટ સભાના થયેલ ઠરાવ સંદર્ભે પરીક્ષા વિભાગ દ્વારા તારીખ : ૨૨/૧૧/૨૦૧૭ પત્ર ક્રમાંક ઇ-૩/૫૩૯૧ થી યુનિવર્સિટી સંલગ્ન કોલેજો/ઇન્સ્ટીટ્યુશનો તથા વિભાગીય વડાશ્રીઓને પરિપત્ર દ્વારા જાણ કરવામાં આવેલ હતી.

(૩) વિવિધ કોલેજો દ્વારા સીસીટીવી કેમેરા મુકવા તથા સમાયંતરે રેકોર્ડીંગ લેવા માટેનાં થતા ખર્ચની જોગવાઇ શું કરવામાં આવી છે? તેમ તેઓના પત્રોમાં જણાવવામાં આવ્યું હતું.

(૪) માનનીય કુલપતિશ્રી દ્વારા યુનિવર્સિટી સંલગ્ન ગ્રાન્ટ-ઇન-એઇડ કોલેજો ને સીસીટીવી ઉપલબ્ધ કરાવવા માટે ઇન્ફાસ્ટ્રકચર ફેસીલીટી બજેટ હેઠળ યોગ્ય સ્પેશ્યલ ગ્રાન્ટ સરકારશ્રી તરફથી ફાળવવામાં આવે તો તે ફાળવેલ ગ્રાન્ટ માંથી યુનિવર્સિટી પરીક્ષાઓનાં આયોજનમાં જે તે ગ્રાન્ટ-ઇન-એઇડ કોલેજો સીસીટીવી ઉપલબ્ધ કરાવી શકે તે માટે તારીખ : ૩૦/૧૧/૨૦૧૭ પત્ર ક્રમાંક વીસી/૨૦૧૭-૧૮/૮૬૦૬ થી કમિશ્નરશ્રી ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી, ગાંધીનગરને પત્ર દ્વારા જાણ કરવામાં આવી હતી.

(૫) વધુમાં પરીક્ષા વિભાગનાં તારીખ : ૦૬/૧૦/૨૦૧૮ પત્ર ક્રમાંક ઇ-૩/૧૦૬૭૯ થી યુનિવર્સિટી સંલગ્ન કોલેજો/ઇન્સ્ટીટ્યુશનો તથા વિભાગીય વડાશ્રીઓને પરિપત્ર દ્વારા જાણ કરવામાં આવેલ હતી તથા સત્વરે કાર્યવાહી કરવા જણાવવામાં આવેલ હતી અને તે અંગેની માહિતી પરીક્ષા વિભાગમાં જમા કરાવવા જણાવવામાં આવેલ હતું. જેમા ફક્ત ૨૩ કોલેજો તથા વિભાગે સીસીટીવી છે કે નહી તેનો રીપોર્ટ મોકલેલ હતો. જેમાંથી ફક્ત **૧૩** કોલેજોમાં CCTV ઉપલ્બ્ધછે તેમ જણાવેલ છે.")

**આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોકત બાબતની ગંભીરતાથી નોંધ લેવી અને યુનિવર્સિટી પરીક્ષાઓનું વિશ્વવનીયતા વધે તે રીતે સુચારુ સંચાલન થઇ શકે તે હેતુસર સદર બાબતે પુનઃપરિપત્રિત કરવી અને તેમ ન કરનાર સંસ્થા/કોલેજોને પરીક્ષા કેન્દ્ર ન ફાળવવા બાબતે કાર્યવાહી કરવી.**

નંબરઃ કે.૪/ ૩૮૨૪

વલ્લભ વિદ્યાનગર

તારીખ :૨૪/૧૦/૨૦૧૯

કા. કુલસચિવ

પ્રતિ, સિન્ડિકેટના સર્વે સભ્યશ્રીઓ જોગ.